સને ૨૦૧૮-૧૯ ના વર્ષના અંદાજો અને સને ૨૦૧૭-૧૮ના વર્ષના સુધારેલા અંદાજો તૈયાર કરવા બાબત.

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
પરિપત્ર ક્રમાંક; અપબ-૧૦૨૦૧૭-૧૫૨૮-ક,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૦૫-૦૯-૨૦૧૭

**પ રિ પ ત્ર:-**

સને ૨૦૧૮-૧૯ ના વર્ષના અંદાજો અને સને ૨૦૧૭-૧૮ના વર્ષના સુધારેલા અંદાજો તૈયાર કરવા અંગે નીચે મુજબની સુચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

૧. **અંદાજપત્રીય જોગવાઈ રૂ. લાખમાં (બે ડેસીમલ સુધી) દર્શાવવી**

તેરમી ગુજરાત વિધાનસભામાં તા. ૨૩/૦૨/૨૦૧૬ના રોજ અંદાજ સમિતિના નવમા અહેવાલની ભલામણ મુજબ અંદાજપત્ર પ્રકાશનમાં જે જોગવાઈ રૂપિયા હજારમાં દર્શાવાતી હતી તેના બદલે સને ૨૦૧૬-૧૭ ના વર્ષથી રૂપિયા લાખમાં (બે ડેસીમલ સુધી) એટલે કે રૂપિયા ૧ હજારને બદલે રૂપિયા ૦.૦૧ લાખ દર્શાવીને રજુ કરવામાં આવેલ છે. તદ્‌નુસાર હવે સને ૨૦૧૭-૧૮ના સુધારેલ અંદાજ અને સને ૨૦૧૮-૧૯ના વર્ષના અંદાજો પણ રૂા. લાખમાં મોકલવાના રહેશે.

૨. **અંદાજપત્રીય જોગવાઈ સને ૨૦૧૮-૧૯ના વર્ષના અંદાજપત્રમાં મહેસૂલ અને મૂડી તરીકે દર્શાવવા અંગે.**

(૧) સને ૨૦૧૬-૧૭ ના અંદાજપત્ર પ્રકાશનમાં જે જોગવાઈ આયોજન અને આયોજન બહાર દર્શાવવામાં આવતી હતી તે જોગવાઈની રકમને સને ૨૦૧૭-૧૮ના વર્ષથી અંદાજપત્ર પ્રકાશનમાં કુલ (સરવાળો) મહેસૂલી સદરે અથવા મૂડી સદરે દર્શાવવામાં આવેલ છે. તેથી હવે વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજો તે મુજબ મોકલી આપવાના રહેશે. આ ફેરફારના IWDMS હેઠળનાં નવા ફોર્મ જે TCS દ્વારા તૈયાર કરવામાં આવેલ છે તેમાં સને ૨૦૧૮-૧૯ ના અંદાજો રજૂ કરવાના રહેશે. સને ૨૦૧૬-૧૭ના વર્ષના હિસાબ પ્લાન-નોન પ્લાન મુજબ અલગ અલગ દર્શાવવાના રહેશે જયારે સને ૨૦૧૭-૧૮ ના વર્ષ એટલે કે ચાલુ વર્ષના સુધારેલ અંદાજો મહેસૂલ અને મૂડી સદરે અલગથી તૈયાર કરી TCS ના પ્રોગ્રામ મુજબ નાણા વિભાગને મોકલવાના રહેશે.

(૨) ભારત સરકારશ્રીના નાણા મંત્રાલય, નવી દિલ્હી દ્વારા પ્લાન અને નોન પ્લાન મર્જ કરવા માટે જે ગાઈડ લાઈન બહાર પાડેલ છે તેના અગત્યના પારાનું બિડાણ નાણા વિભાગના પરિપત્ર ક્રમાંકઃ અપબ-૧૦૨૦૧૬-૧૪૪૪-ક, તા. ૭-૯-૨૦૧૬ માં સામેલ છે. જેનો વિગતવાર અભ્યાસ કરી ગાઈડ લાઈન મુજબ પ્લાન અને નોન પ્લાન મર્જ કરવાની કાર્યવાહી કરીને સને ૨૦૧૭-૧૮ નું અંદાજપત્ર તૈયાર કરવામાં આવેલ છે. તેમ છતાં તેના અગત્યના પારા- ૪૪ થી ૫૧ અને ૬૦ આ સાથે **એનેક્ષર-૧** માં સામેલ છે.

(૩) ભારત સરકારશ્રીની સૂચના મુજબ રાજય સરકારે પણ આઉટકમ (Out come) બજેટ સામાન્ય વહિવટ વિભાગ (આયોજન પ્રભાગ) દ્વારા ૨૦૧૭-૧૮ ના વર્ષથી પ્રકાશિત કરેલ છે. તે અંગે ભારત સરકારશ્રીની ગાઈડ લાઈનના પારા – ૭૯ થી ૮૨) તેમજ આઉટકમ બજેટનું ફોરમેટ **એનેક્ષર–૨** માં આ સાથે પુનઃ મુદ્રીત કરેલ છે. તે ઘ્યાને લઈ સૂચિત અંદાજો માટે ફાળવણી કરવાની રહેશે. **આઉટ કમ બજેટ માટે સામાન્ય વહિવટ વિભાગ, આયોજન પ્રભાગ દ્વારા સમયાનુસાર આપવામાં આવતી સૂચનાઓ મુજબ દરેક વિભાગોએ કાર્યવાહી કરવાની રહેશે.**

(૪) ભારત સરકારની ગાઈડ લાઈન મુજબ ચેઈન્જીસ ઈન ધી મીડીયમ ટર્મ એક્સપેંડીચર્સ ફ્રેમ વર્કસ (MTEF) નું સ્ટેટમેન્ટ રજૂ કરવાનું થાય છે તે માટે ભારત સરકારશ્રીની ગાઈડ લાઈનના પારા ૬૧, ૬૨ અને ૨૩ અને Format of Proposed New MTEF Statement નું ટેબલ-૧ આ સાથે **એનેક્ષર-૩** માં સામેલ છે.

(૫) રાજ્ય સરકારશ્રીના અંદાજપત્ર તૈયાર કરતી વખતે શેડ્યુઅલ કાસ્ટ સબ પ્લાન અને ટ્રાઈબલ એરીયા સબ પ્લાન મુજબ (SCSP અને TASP) નિયત ટકાવારી મુજબ બજેટની ફાળવણી કરવામાં આવે છે તે માટે ભારત સરકારશ્રીની ગાઈડ લાઈનના પારા ૬૬ થી ૬૮ ની નકલ આ સાથે **એનેક્ષર–૪** માં સામેલ છે તે ઘ્યાને લઈ વિભાગોએ નિયત થયેલ ટકાવારી મુજબની જોગવાઇ સૂનિશ્ચિત કરીને અંદાજો નાણા વિભાગને રજુ કરવાના રહેશે.

નાણા વિભાગમાં સને **૨૦૧૮-૧૯** ના વર્ષના આવક અને સ્થાયી ખર્ચના અંદાજો, ચાલુ બાબતોના અંદાજો, નવી બાબતો/ કામોના અંદાજો અને સને **૨૦૧૭-૧૮**ના વર્ષના સુધારેલા અંદાજો સચિવાલયના વહીવટી વિભાગો તરફથી નાણા વિભાગને મળવા માટે આખરી તારીખો નીચે પ્રમાણે રહેશે.

**૩. અંદાજો મોકલવાની આખરી તારીખ :-**

(૧) **આવક અને સ્થાયી ખર્ચના અંદાજો**
સને **૨૦૧૮-૧૯** ના વર્ષના આવકનાં અંદાજો અને મહેસૂલી/મૂડી ખર્ચના સ્થાયી ખર્ચના અંદાજો — **૧૫મી ઓકટોબર, ૨૦૧૭**

(૨) **ચાલુ બાબતોના અંદાજો.**
મહેસુલ અને મૂડી હેઠળની ચાલુ યોજનાઓ/બાબતો. — **૧૦ મી નવેમ્બર, ૨૦૧૭**

(૩) **નવી બાબતો/કામોની દરખાસ્તો**
**(૧) મહેસૂલ અને મૂડી હેઠળની નવી બાબતો/કામો (વિભાગ ૧ ની નવી બાબતો/કામો અને વિભાગ ૨ ની પ્રથમવાર આવતી નવી બાબતો/કામો)ખર્ચ પ્રભાગને મોકલવા અંગે** — **૨૪ મી નવેમ્બર,૨૦૧૭**

**(૨) મહેસૂલ અને મૂડી હેઠળની નવી બાબતો/કામો (વિભાગ ૧ ની નવી બાબતો/કામો અને વિભાગ ૨ ની પ્રથમવાર આવતી નવી બાબતો/કામો) નાણાંવિભાગ બજેટ શાખાને મોકલવા અંગે** — **૮ મી ડીસેમ્બર,૨૦૧૭**

(૪) **સુધારેલા અંદાજો**
પ્રથમ આઠ માસના ખરેખર ખર્ચના આધારે તૈયાર કરેલ મહેસૂલી/મૂડી ખર્ચના સને **૨૦૧૭-૧૮**ના સુધારેલા અંદાજો. — **૧૬ મી ડિસેમ્બર, ૨૦૧૭**

**ઉપર દર્શાવેલી તારીખો સચિવાલયના વહીવટી વિભાગોએ ગંભીરતાપૂર્વક અનુસરવાની રહેશે. નાણા વિભાગ દ્વારા સમયમર્યાદા બાદ મળતાં અંદાજો સ્વીકારવામાં ન આવે તો તેની આખરી જવાબદારી સંબંધિત વિભાગની રહેશે.**

નોંધ :-વિભાગે ખર્ચના અંદાજો રજૂ કરતી વખતે નીચે મુજબ દર્શાવેલ અગ્રતાક્રમ મુજબ online અંદાજો મોકલી આપવાના રહેશે.

(૧) સ્થાયી ખર્ચના અંદાજો
(૨) ૧૦૦% કેન્દ્રીય પુરસ્કૃત યોજનાઓ.
(૩) કેન્દ્રીય પુરસ્કૃત શેરીંગ પેટર્ન મુજબની યોજનાઓ.
(૪) રાજ્યની ચાલુ યોજનાઓ.
(૫) સુધારેલ અંદાજો
(૬) નવી બાબતો /નવા કામો અંગેની યોજનાઓ.

**૪. આવકના અંદાજો**

(૧) આવકના અંદાજો જે તે વિભાગે મહેસૂલી કરની આવક (Tax Revenue) તથા બિન કર આવક (Non Tax Revenue) IWDMS ના આ સાથેના આવકના નિયત ફોર્મમાં મોકલવા. આવકના અંદાજોમાં સારો એવો વધારો અથવા ઘટાડો વ્યાજબી ઠરાવતાં ખાસ કારણો હોય તો તેવાં ખાસ કારણો અંગેની સંપૂર્ણ વિગતો ‘‘Upload Remarks’’ માં અવશ્ય દર્શાવવી તેમજ તેની એક પ્રીન્ટેડ નકલ **(Hard Copy)** પણ મોકલવાની રહેશે.

(૨) નાણાં વિભાગ દ્વારા સમયાંતરે જણાવવામાં આવેલ છે કે, વિભાગો દ્વારા આપવામાં આવેલી લોનોની શરતો અને બોલીઓ મુજબ જે તે લોનોની પરત ચુકવણી (બાકી વસૂલાત) નિયમિતપણે થાય. જેથી રાજ્ય સરકારે આપેલી લોનની વસૂલાત દ્વારા થતાં આવકના અંદાજો, આવકના સંબંધિત લોન સદરે તમામ વિભાગો દ્વારા અચૂકપણે મોકલવાના રહેશે. સને **૨૦૧૮-૧૯** ના વર્ષ દરમિયાન થનાર સંભંવિત આવકના અંદાજો સૂચવતી વખતે અગાઉના

એરીયર્સ (બાકી વસૂલાત) ની રકમ પણ દર્શાવવાની રહેશે અને તે સને **૨૦૧૮-૧૯** માં મળી શકશે કે કેમ તે અંગે વિભાગનો અભિપ્રાય દર્શાવવાનો રહેશે.

(૩) આવકના અંદાજો જે વિભાગે મોકલવાના થાય છે, તે માટે જે તે વિભાગોને સબંધિત મુખ્ય સદરોની યાદી અંગેનું પત્રક-૧ પણ આ સાથે સામેલ છે જે ધ્યાને લઇ સબંધિત વિભાગોએ આવકના અંદાજો નિયત ફોર્મમાં ઓન લાઇન નાણાં વિભાગને મોકલવાના રહેશે.

(૪) **કેન્દ્ર સરકાર તરફથી મળતી આવકના અંદાજો સરકારશ્રીના નાંણાં વિભાગના પરિપત્ર ક્રમાંક;-અપબ-૧૦૨૦૧૩-૨૪૬૦-ક, તા.૧૭/૧૨/૨૦૧૩ના પરિપત્રમાં જણાવેલ ૬૬ યોજનાઓ અને ત્યાર પછી ભા.સ. ના નીતિ આયોગના તા. ૭-૮-૨૦૧૬ના ઓફીસ મેમોરેન્ડમ સાથે બીડેલ એનેક્ષર મુજબ ૨૮ યોજનાઓ પૈકી વર્ષ ૨૦૧૮-૧૯માં ચાલુ રહેનાર યોજનાઓ માટે મોકલવા અને તે યોજનાઓ પ્રમાણે જોગવાઇઓ કરાવવાની રહેશે. તેમજ કેન્દ્ર સરકાર તરફથી નવી શેરીંગ પેટર્ન મંજુર થયેલ હોય તો તે મુજબ તે યોજનાની કેન્દ્ર અને રાજ્ય ફાળાની જોગવાઇ કરાવવાની રહેશે. આ અંગે ભારત સરકારશ્રીની ગાઇડ લાઇનના પારા ૬૯, ૭૦ અને ઉપર દર્શાવ્યા મુજબ ૨૮ યોજનાઓનું એનેક્ષર આ સાથેના એનેક્ષર-૫ માં સામેલ છે.**

(૫) ચાલુ વર્ષે એટલે કે, તા. ૦૧/૦૭/૨૦૧૭ થી રાજ્ય સરકારે GST નો સમગ્ર રાજ્યમાં અમલ કરવાનો નિર્ણય કરેલ હોવાથી આવક/ખર્ચના અંદાજો માટે નવા સદરો કમિશ્નરશ્રી, GST ની કચેરી દ્વારા ખોલાવવાના રહેશે. GST ના લીધે થતી આવક/ખર્ચ તે સદરે દર્શાવવાના રહેશે.

**૫. (ક) સ્થાયી ખર્ચના અંદાજો**

(૧) **સ્થાયી ખર્ચના અંદાજો નાણાં વિભાગના તા. ૧૩-૦૭-૨૦૦૬ ના પરિપત્રની સૂચના મુજબ IWDMS હેઠળ મોકલી આપવાના રહેશે. દરેક વિભાગોએ આ સાથેના કોમ્પ્યુટરાઇઝ્ડ વર્કીંગશીટ (Form-B) મુજબ સ્થાયી ખર્ચના અંદાજો IWDMS હેઠળ મોકલવાના રહેશે. વર્કીંગ શીટમાં વિભાગોએ કોલમ નંબર ૧ થી ૧૨ સુધીની વિગતો ભરવાની રહેશે. કોલમ નંબર ૧૩ થી ૧૯ નાણાં વિભાગના ઉપયોગ માટે છે, જે વિભાગે ભરવાના નથી. ફોર્મ-બીના કોલમ ૨ અને ૩ માં અનુક્રમે ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬ ના હિસાબો (ખરેખર ખર્ચ) ની રકમ અંદાજપત્ર પ્રકાશનમાં દર્શાવ્યા મુજબના ખર્ચમાંથી ફક્ત સ્થાયી ખર્ચની રકમ દર્શાવવાની રહેશે. કોલમ-૪ માં ૨૦૧૬-૧૭ ના ખરેખર ખર્ચના આંકડા એકાઉન્ટન્ટ જનરલની કચેરી સાથે હિસાબોના મેળવણું કર્યા મુજબ સ્થાયી ખર્ચની રકમ દર્શાવવાની રહેશે. કોલમ-૫ માં ૨૦૧૭-૧૮ના અંદાજોના આંકડા અંદાજપત્ર પ્રકાશનમાં દર્શાવેલ કુલ મંજુર થયેલ અંદાજમાંથી ફકત સ્થાયી ખર્ચના અંદાજ ભરવાના રહેશે.**

(૨) **પગાર ભથ્થાના અંદાજો.**

(A) સને ૨૦૧૭-૧૮ના અંદાજપત્રમાં સ્થાયી ખર્ચના દર્શાવેલ અંદાજોની સામે સને ૨૦૧૮-૧૯ના વર્ષ માટેના મહેસૂલી/મૂડી ખર્ચના સ્થાયી ખર્ચના અંદાજો ફોર્મ- બી (B) માં મોકલવાના રહેશે. પગાર ભથ્થા અંગેના ખર્ચના સમર્થનમાં આ સાથે સામેલ ફોર્મ-બી ની સાથેના જોડાણ-૧માં મહેકમને લગતી માહિતી, જોડાણ-૨ માં રોજમદાર કર્મચારી તેમજ વર્ક-ચાર્જ મહેકમની સંખ્યા સહીત ખર્ચના સૂચિત અંદાજની માહિતી અને જોડાણ-૩માં આઉટસોર્સથી લેવામાં આવતી સેવાના ખર્ચના સૂચિત અંદાજની માહિતી અલગ રીતે અચુકપણે પૂરી પાડવાની રહેશે. તેમજ D.D.O. દીઠ પગાર ભથ્થાની વિગત સરકારશ્રીના નાણાં વિભાગના પરિપત્ર ક્રમાંક:-અપબ-૧૦૨૦૧૨–૪૫૯૫૭૪-બજેટ-ક, તા. ૦૫/ ૧૦/ ૨૦૧૨ સાથેના પત્રક મુજબ મોકલવાના રહેશે.

(B) સ્થાયી ખર્ચના સૂચિત અંદાજોના સમર્થનમાં વિશેષ કારણો હોય તો તે અપલોડ રીમાર્કસ મારફત મોકલવાના રહેશે તેમજ **આગામી વર્ષમાં નિવૃત થનાર અધિકારી/કર્મચારીઓના નામ અને હોદા સાથે રજાના રોકડમાં રુપાંતરની કેટલી રકમ ચૂકવવાની રહેશે તેની ગણતરી દર્શાવતી માહિતી નિવૃત્તિ તારીખ સહિત અલગ પત્રકમાં અપલોડ કરીને આપવાની રહેશે.**

(C) પગાર-ભથ્થા અંગેના ખર્ચના સૂચિત અંદાજોમાં રોજમદાર કર્મચારી તેમજ વર્ક ચાર્જ્ડ મહેકમ અને આઉટ સોર્સીંગથી લેવામાં આવતી સેવાના ખર્ચની તથા ખર્ચ અંગેની માહિતી આ સાથે સામેલ ફોર્મ-બી ની સાથેના અનુક્રમે **જોડાણ-૨ અને જોડાણ-૩**માં દર્શાવવાની રહેશે. ઉપરાંત આ અંગેની જોગવાઇ પગાર ભથ્થાના હેતુ સદરવાર ફોર્મ-બીમાં સૂચવવાની રહેશે.

**(D)** અંદાજપત્ર પ્રકાશનમાં પંચાયત, સ્થાનિક સંસ્થાઓ, કોલેજો, હોસ્પિટલો વગેરેના સહાયક ગ્રાન્ટ (અનુદાન) અંગેના કિસ્સાઓમાં મંજૂર કરેલ પગાર-ભથ્થાંઓની વિગતો હેતુ સદરો પ્રમાણે કેટલાક વિભાગો દ્વારા

અંદાજોમાં આપવામાં આવતી નથી, પરતું હેતુ સદર ૩૧૦૦, ૩૨૦૦ અને ૩૩૦૦ હેઠળ ઉચ્ચક રકમ તરીકે દર્શાવવામાં આવે છે. **આયોજન બહારની ગ્રાન્ટ ઇન એઇડની તમામ દરખાસ્તો હેતુસદર પ્રમાણે આ સાથે સામેલ (Form-B) તેમજ તેની સાથેના જોડાણ-૧ અને જોડાણ-૨માં મહેકમને લગતી માહિતી સાથે દરખાસ્ત કરવાની રહેશે.**

(E) **પગાર ભથ્થા અંગેના ખર્ચના સૂચિત અંદાજો ખરેખર જરૂરિયાત ધ્યાને રાખીને કાળજીપૂર્વકની ગણતરી બાદ સૂચવવાના રહેશે જેથી વિભાગ દ્વારા નાણાં વિભાગના તા. ૨૩/૦૪/૨૦૧૪ ના પરિપત્ર ક્રમાંક;- અપબ /૧૦૨૦૧૪/૫૭૦/ક ના પરિશિષ્ઠ-૧ (ANNEXURE-1) માં દાર્શાવેલ કુલ -૭ હેતુ વર્ગ (OBJECT CLASS)મુજબ જોગવાઇ કરવાની ખાસ કાળજી રાખવી. જેથી વર્ગવાર હેતુ સદર કક્ષાએ આંતરિક ફેરફાર કરવાની જરૂરિયાત ઉપસ્થિત ન થાય. (જોડાણ – ખ)**

(F) પ્રત્યેક વિભાગે પગાર **ભથ્થા અંગેના** ખર્ચના સૂચિત અંદાજો સાથે સંબંધિત પેટાસદર હેઠળના તમામ ઉપાડ અને વહેંચણી અધિકારી (DDO) દીઠ પગારની જોગવાઈની વિગતો દર્શાવતુ પત્રક MS-Excel શીટમાં બિડાણ તરીકે અચૂક અપલોડ કરવાનું રહેશે.

(G) **નાણા વિભાગના તા. ૧૩-૧૦-૨૦૧૬ ના પત્ર ક્રમાંકઃ અપબ-૧૦૨૦૧૩-૧૪૪૪-ક અન્વયે ચાલુ બાબતોના અંદાજોમાં જે છેલ્લા ત્રણ વર્ષથી યોજના અમલમાં હોય અને તેમાં કાયમી મહેકમની જોગવાઇ હોય તો ચાલુ યોજનાના અમલીકરણ માટેના કાયમી મહેકમના અંદાજો સ્થાયી ખર્ચના અંદાજોની જેમ Form-B માં ૨૦૧૮-૧૯ ના વર્ષની જોગવાઈ માટે મોકલવાના રહેશે. જેમાં આઉટસોર્સીંગ સ્ટાફ અને હંગામી મહેકમનો સમાવેશ કરવાનો રહેશે નહીં.**

(૩) માર્ગ, મકાનો તથા સિંચાઇના કામોની જાળવણી અને મરામત માટે સરકારે કોઇ માપદંડ નકકી કર્યા/સ્વીકાર્યા હોય તો તેના આધારે જાળવણી અને મરામતના સ્થાયી ખર્ચના અંદાજો તૈયાર કરવા.

(૪) એક જ પેટા સદરના અંદાજો એક સાથે જ મોકલવા તેમાં કોઇ ભાગના અંદાજો અલગ મોકલવા નહીં. આમ, દરેક વિભાગે પેટા સદરવાર અંદાજો મોકલવાના રહે છે.

(૫) સ્થાયી ખર્ચના અંદાજોની દરખાસ્તમાં ચાલુ વર્ષના અંદાજપત્રમાં દર્શાવેલ જોગવાઇમાં નવી સેવા (નવી બાબત) ની રકમનો સમાવેશ થતો હોય છે. આથી તે રકમ સંબંધિત હેતુ સદરો જેવા કે પગાર-ભથ્થાં, કચેરી ખર્ચ, મોટર વાહનો, યંત્ર અને સાધન સામગ્રી વગેરેમાંથી બાદ કરીને આ પરિપત્ર સાથે સામેલ ફોર્મ-બી ના કોલમ નં.૫ માં ચોખ્ખી સ્થાયી ખર્ચની રકમ દર્શાવવાની રહેશે.

(૬) **વિભાગો તરફથી અંદાજપત્ર પ્રકાશનમાં સમાવેશ કરવાના સ્થાયી ખચર્ના અંદાજો તેમજ સુધારેલ અંદાજો નાણાં વિભાગ દ્વારા મંજુર કરવામાં આવ્યા બાદ નાણાં વિભાગે મંજુર કરેલ અંદાજોમાં જો કોઇ સુધારો કરવાની વિભાગને જરૂરીયાત જણાય તો સચિવશ્રી (આ.બા.) સમક્ષ વ્યાજબી કારણો સાથે દરખાસ્ત દિન-૩ માં રજુ કરવી.**

**(ખ) નવી બાબતો / નવા કામોના અંદાજો**

**નવી બાબત/નવા કામોની દરખાસ્ત સરકારશ્રીના નાણા વિભાગના તા. ૨૧/૦૮/૨૦૧૫ના પરિપત્ર ક્રમાંક અપબ-૧૦૨૦૧૫-૬૦૭૭૩૬-ક માં જણાવેલ અને આ પરિપત્ર સાથે બિડાણ કરેલ જોડાણ – ક માં જણાવ્યા પ્રમાણે સુધારેલ નાણાકિય મર્યાદા ધ્યાને લઈ મોકલવાની રહેશે.**

(૧) નવી બાબતો/કામો માટે નિયત નાણાંકીય મર્યાદાથી ખર્ચ વધતું હોય એવી બાબતોની દરખાસ્ત, વિભાગ-૧ ની નવી બાબતો તરીકે આ સાથે સામેલ કોમ્પ્યુટરાઇઝડ **(Form-C)** માં **IWDMS** હેઠળ મોકલવાની રહેશે, તેમજ તેની એક પ્રિન્ટેડ નકલ **(Hard Copy)** મોકલવાની રહેશે.

(૨) મહેસૂલ અને મૂડી ની વિભાગ-૧ ની નવી બાબતની દરખાસ્ત **Write-up** સહિત વિભાગ-૨ની (પ્રથમ વખત આવતી) નવી બાબતની દરખાસ્ત વિભાગે તેમના સબંધિત મંત્રીશ્રીની મંજૂરી મેળવીને પછી ખર્ચ પ્રભાગની મંજૂરી મેળવીને જ નાણાં વિભાગને online મોકલવાની રહેશે.આ મંજુરીની સ્કેન કોપી દરખાસ્ત સાથે અચુક પણે UP-LOAD કરીને જે તે વિભાગે નાણાં વિભાગને મોકલવાની રહેશે.

(૩) નવી બાબતની દરખાસ્તમાં રાઇટ-અપ વધુમાં વધુ ૨૦૦ શબ્દોમાં અંગ્રેજી અને ગુજરાતી બંનેમાં મોકલવાના રહેશે. **ગુજરાતી રાઇટ-અપ માટે શ્રુતી ફોન્ટ (ઇન્ડીક સોફટવેર) નો જ ઉપયોગ કરવાનો રહેશે.**

(૪) નવી બાબતના લખાણમાં, ખાસ કરીને યોજનાના મહત્વના સ્ત્રોતો, **૨૦૧૮-૧૯** ના વર્ષમાં તેના અમલીકરણની જરુરિયાત, યોજના અંગે કુલ ખર્ચ, **૨૦૧૮-૧૯** ના વર્ષ દરમિયાન જરુરી રકમ તેમજ યોજનામાંથી જો કોઇ અપેક્ષિત આવક હોય તો તે તથા હિતાધિકારીઓ પાસેથી કરવાની રહેતી વસૂલાત, જે ખર્ચમાં ઘટાડા તરીકે અલગ

દર્શાવી તે અંગેની તમામ વિગતો ટૂંકમાં આપવી. નવી બાબતોના લખાણ અંદાજપત્ર પ્રકાશનમાં છે તેને અનુસરી સ્પષ્ટ અને ટુંકુ મુદ્દાસર લખાણ થાય તેની ખાસ કાળજી રાખવી **૨૦૧૮-૧૯** ના વર્ષ દરમિયાન જરુરી મહેકમ અને ખર્ચ અંગેની વિગતો આ સાથે સામેલ કોમ્પ્યુટરાઇઝડ ફોર્મ (Form-C)સાથે સામેલ નિયત પત્રક-૧ અને પત્રક-૨ માં અલગ રીતે આપવી.

(૫) નિયત કરવામાં આવેલ નાણાંકીય મર્યાદાઓની અંદર હોય, પરંતુ પ્રથમવાર આવતી હોય એવી નવી બાબતો/કામોની દરખાસ્ત વિભાગ-૨ ની નવી બાબત પ્રથમ વખત (CFT) તરીકે આ સાથે સામેલ કોમ્પ્યુટરાઇઝડ ફોર્મ (Form-F) માં I.W.D.M.S. હેઠળ મોકલવાની રહેશે, તેમજ તેની એક પ્રિન્ટેડ નકલ (Hard copy) મોકલવાની રહેશે.

(૬) **મહેસૂલ અને મૂડી** ની વિભાગ-૧ અથવા વિભાગ-૨ ની પ્રથમવાર આવતી નવી બાબતો તેમજ વિભાગ-૨ ની ચાલુ બાબતોની દરખાસ્ત કરતી વખતે વિભાગોએ નાણાંકીય સંસ્થાઓ પાસેથી પ્રાપ્ત થનાર રકમ અચૂક દર્શાવવી. **કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ અને બીજી નાણાકીય સંસ્થાઓ દ્વારા પુરસ્કૃત યોજનાઓ અને અન્ય નાણાંકીય સંસ્થાઓ દ્વારા પુરસ્કૃત યોજનાઓનું વર્ગીકરણ સાચી રીતે કરી તે અંગેના રીમાર્કસ અપલોડ કરી IWDMS માં મોકલવા.**

(૭) **આગામી વર્ષ માટે નવા કામો/યોજનાઓની દરખાસ્તો ખર્ચ પ્રભાગ દ્વારા સને ૨૦૧૮-૧૯ માટે બહાર પાડવામાં આવનાર પરિપત્રની સુચનાઓને ધ્યાને લઇને તદ્દનુસારના અંદાજોની દરખાસ્તો નિયત પરિશિષ્ટમાં તૈયાર કરી મોકલવાની રહેશે.**

(૮) **નવી બાબતો અંગેની દરખાસ્તો સબંધિત વિભાગોએ સમયસર તૈયાર કરી નાણાં સલાહકારશ્રીને તા. ૨૪/૧૧/૨૦૧૭ સુધીમાં અચુક મોકલી આપવી.**

(૯) **સચિવાલયના વિભાગો તરફથી અંદાજપત્ર પ્રકાશનમાં સમાવેશ કરવા અંગેની નવી બાબતો કે જે એક જ પ્રકારની અને સરખા હેતુ વાળી અને સરખા પ્રકારના કામો અંગેની નવી બાબતની દરખાસ્ત જે અલગ અલગ તૈયાર કરી અંદાજપત્રમાં સમાવેશ કરવા માટે મોકલવામાં આવે છે તેને બદલે તે દરખાસ્તોને એકત્રિત કરીને ખર્ચ પ્રભાગની મંજુરી મેળવીને દરખાસ્ત રજુ કરવી.**

## (ગ) ચાલુ બાબતોના અંદાજ

**૨૦૧૭-૧૮**ના વર્ષમાં વિભાગ-૧ ની નવી બાબત અને વિભાગ-૨ (પ્રથમવાર આવતી) નવી બાબત દ્વારા જોગવાઇ કરવામાં આવેલ હોય તેવો ખર્ચ નવી સેવા પરનો છે –આવી નવી બાબતોની હવે પછીના વર્ષ માટેની દરખાસ્તો આવર્તક રકમ માટે વિભાગ-૨ ની ચાલુ બાબત તરીકે આ સાથે સામેલ કોમ્પ્યુટરાઇઝડ ફોર્મ (Form-E) માં IWDMS હેઠળ મોકલવાની રહે છે, તેમજ તેની એક પ્રિન્ટેડ નકલ (Hard Copy) મોકલવાની રહેશે. સબંધિત વિભાગોએ ખર્ચ પ્રભાગનો પરામર્શ કરીને જરુરી મંજૂરી મેળવીને જ ચાલુ બાબતોની દરખાસ્ત મોકલવાની તકેદારી રાખવાની રહેશે. આમ ખર્ચ પ્રભાગની મંજુરીની સ્કેન કોપી દરખાસ્ત સાથે Upload કરીને જ નાણાં વિભાગને મોકલવાની રહેશે.

**મહેસુલ અને મૂડી સદર હેઠળની ચાલુ બાબતોની દરખાસ્તો આગામી વર્ષની જોગવાઇ રૂ.૧૦ કરોડની મર્યાદામાં ચાલુ વર્ષની જોગવાઇ કરતાં ૧૦ ટકા ઓછી હોય તેવા સંજોગોમાં નાણાં વિભાગના ખર્ચ પ્રભાગના પરામર્શ સિવાય સંબંધિત વહીવટી વિભાગોના સચિવશ્રીની કક્ષાએ જરૂરી કારણો સાથે મંજુરી મેળવીને નાણાં વિભાગના અંદાજપત્ર પ્રભાગને અંદાજપત્રમાં સમાવેશ કરવાના હેતુસર મોકલી શકાશે.**

**વિભાગે યોજનાની પસંદગી કરતી વખતે યોજના સ્ટેટ (રાજય સરકારના બોજાવાળી કે સીએસએસ (કેન્દ્રીય પુરસ્કૃત) યોજના પસંદ કરવાનું હોય છે. જેના માટે નીચેની બાબતો ધ્યાને રાખવાની રહેશે.**

**(૧) જો સ્ટેટ (State) સ્કીમ હશે તો સ્ટેટ વિકલ્પ પસંદ કરવાનો રહેશે.**

**(૨) જો સીએસએસ (CSS) સ્કીમ હોય તો નીચેની બાબતો ધ્યાનમાં રાખવી.**

- **૧૦૦% સીએસએસ (CSS) હોય તો સીએસએસ વિકલ્પ પસંદ કરવાનો રહેશે.**
- **Ratio wise યોજના હોય તો નિયત Ratio આપવાનો રહેશે. (દા.ત. યોજના સીએસએસ (CSS) (60%) સ્ટેટ(STATE) (40%)**
- **કેન્દ્ર પુરસ્કૃત યોજનામાં Ratio Wise CSS અને State માટેની જોગવાઇ માટે અલગ અલગ Estimate Upload કરવાના રહેશે. તેમાં CSS ના હિસ્સા માટે CSS વિકલ્પ પસંદ કરવાનો રહેશે**

**તેમજ રાજ્ય હિસ્સા માટે State વિકલ્પ પસંદ કરવાનો રહેશે તેમજ Ratio ની ટકાવારી દર્શાવવાની રહેશે.**

- **જે કેન્દ્ર પુરસ્કૃત યોજનામાં કેન્દ્રનો ફાળો અને રાજયના ફાળા (ટકાવારી મુજબ) જોગવાઇ કરવામાં આવતી હોય તે ઉપરાંત તે જ યોજનામાં રાજ્ય સરકાર પોતાની વધારાની જોગવાઇ કરાવતી હોય તો તે જોગવાઇ માટે State વિકલ્પ પસંદ કરવાનો રહેશે તેમજ તેની જોગવાઇ અલગથી અપલોડ કરવાની રહેશે.**

## ૬. કામો (Works) ના અંદાજો

(ક) કામો(Works) ને સંબંધ છે ત્યાં સુધી બધા વિભાગોએ, સને **૨૦૧૮-૧૯ના વર્ષ માટેના** વિભાગ-૧ નવા કામો, વિભાગ-૨ નવા કામો માટે **Form-G/H માં** અને પ્રગતિ હેઠળના કામો/વિભાગ-૨ ચાલુ કામો માટે **Form-I** માં IWDMS મારફત અંદાજો મોકલવાના રહેશે. જે અંગેના ફોર્મ આ સાથે સામેલ રાખેલ છે.

(ખ) **(૧)** માર્ગ અને મકાન વિભાગે હાથ ધરવાના કામો માટેના અંદાજો જ માર્ગ અને મકાન વિભાગે મોકલવાના રહેશે. માર્ગ અને મકાન વિભાગ મારફત હાથ ધરવાના કામો માટેના અંદાજો માર્ગ અને મકાન વિભાગમાંથી મેળવીને સંબંધિત વિભાગોએ નાણાં વિભાગને મોકલવાના રહેશે. માર્ગ અને મકાન વિભાગે કામોની ચકાસણી કર્યા બાદ સંબંધીત વિભાગોને અંદાજો મોકલવાના રહેશે. બધા વિભાગો દ્વારા કામોના અંદાજ નાણાં વિભાગને મોકલવાના રહેશે. ચાલુ કામોને અગ્રતા આપી પૂરતી જોગવાઇ કર્યા પછી જો રકમ ઉપલબ્ધ બને તો જ નવા કામો હાથ પર લેવાના રહેશે.

(૨) નાણા વિભાગના તા. ૦૬/૦૧/૨૦૧૫ના પત્ર ક્રમાંક અપબ-૧૦૨૦૧૫-૦૧-કની સુચના મુજબ અન્ય વિભાગોના વર્કસ અંગેના સને ૨૦૧૭-૧૮ના સુધારેલ અંદાજની જોગવાઇ માર્ગ અને મકાન વિભાગને બદલે સબંધિત વિભાગ દ્વારા મોકલવા માટે વર્કસ અંગેના સુધારેલ અંદાજો માર્ગ અને મકાન વિભાગ પાસેથી મેળવી સબંધિત વિભાગ દ્વારા ON LINE નાણાં વિભાગને મોકલવાના રહેશે.

(ગ) નવા કામો/યોજનાઓ અંગેની જોગવાઇઓ કરવા માટે નાણાંકીય સલાહકારશ્રી/સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગની મંજુરી મેળવીને જ જોગવાઇ માટેની દરખાસ્ત કરવાની રહેશે, જે માટે નાણાકીય મર્યાદા મુજબ નીચે દર્શાવ્યા પ્રમાણેની કાર્ય પધ્ધતિને અનુસરવુ:-

(૧) રૂ. ૧ (એક) કરોડ સુધીના અંદાજીત ખર્ચવાળા નવા કામો એક વર્ષના સમયગાળામાં પૂરા કરવા અને આવા કામો માટે અંદાજપત્રમાં પૂરેપૂરી જોગવાઇ કરાવવી.

(૨) રૂ. ૧ (એક) કરોડથી વધુ અને રૂ. ૫ (પાંચ) કરોડ સુધીના ખર્ચવાળા નવા કામો માટે કામના કૂલ અંદાજિત ખર્ચના ૨(બે) વર્ષ સુધી દર વર્ષે ૧/૨ લેખે ૫૦ (પચાસ) ટકા પ્રમાણે જોગવાઇ કરવાનું ધોરણ રાખવાનું રહેશે અને નિયતસમય મર્યાદામાં આ કામો પૂરા થઇ જાય તે મુજબ પહેલેથી તબક્કાવાર આયોજન કરવાનું રહેશે.

(૩) રૂ. ૫ (પાંચ) કરોડથી વધુ ખર્ચવાળા નવા કામો માટે કામોના કુલ અંદાજિત ખર્ચના ૩૩.૩૩ (તેત્રીસ. તેત્રીસ) ટકા જોગવાઇ કરવાનું ધોરણ રાખવાનું રહેશે. જેણી ત્રણ વર્ષના સમયગાળામાં કામોપૂરા થઇ શકે. **જો આ કામ એક વર્ષમાં પૂરું કરવાનું થતું હોય તો અંદાજીત ખર્ચના ૧૦૦ (સો) ટકા અને જો આ કામ બે વર્ષમાં પૂરૂં કરવાનું થતું હોય તો અંદાજીત ખર્ચના ૫૦ (પચાસ) ટકા જોગવાઇ કરવાનું ધોરણ રાખવાનું રહેશે તેમજ ત્યાર બાદના વર્ષોમાં પણ આ મુજબની પ્રમાણસર જોગવાઇ અચુકપણે કરવાની રહેશે.**

(૪) રૂ. ૫(પાંચ) કરોડથી વધુ ખર્ચવાળા ચાલુ કામો માટે વર્ષ દરમિયાન જેટલી કામગીરી થવાનો અંદાજ હોય તેના માટે જરુરી રકમની જોગવાઇ તે અંગેની વિગતો દર્શાવીને સૂચવવાની રહેશે. તેમજ કુલ અંદાજીત કિંમતના ૧/૩ એટલે કે ૩૩.૩૩%થી ઓછી જોગવાઈ કરવાની રહેશે નહિ.

(૫) માર્ગ અને મકાન વિભાગના કિસ્સામાં સેન્ટ્રલ રોડ ફંડ, નાબાર્ડ તેમજ વિશ્વ બેંક પુરસ્કૃત યોજનાઓ માટેના ખર્ચની રકમની જોગવાઇ અલગ રીતે દર્શાવવાની રહેશે. તેવી જ રીતે નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ અને અન્ય વિભાગો દ્વારા પણ નાબાર્ડ, એલ.આઇ.સી., હુડકો કે અન્ય બાહ્ય પુરસ્કૃત યોજનાઓ માટેના ખર્ચની જોગવાઇને અલગ રીતે દર્શાવવાની રહેશે.

(૬) માર્ગ અને મકાન વિભાગ તેમજ જળસંપતિ પ્રભાગે તેમના ચાલુ કામો અંગેની સૂચિત જોગવાઇ મંજૂર થયેલી અંદાજિત કિંમતની મર્યાદામાં થાય તેની ખાસ નોંધ લેવી. **અંદાજિત કિંમત કરતાં વધુ જોગવાઇ કરવાની થાય તો ખર્ચ પ્રભાગના પરામર્શમાં રહીને કાર્યવાહી કરવાની રહેશે.**

(૭) **માર્ગ અને મકાન વિભાગ તેમજ નર્મદા, જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હસ્તકની યોજનાઓમાં .-**

(અ) **જે કામ પૂર્ણ થઇ ગયા હોય તેમજ તેના એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ તરફથી હિસાબો આવી ગયા હોય એવા કામો,**

(બ) **અગાઉ નવી સેવા તરીકે સમાવેશ થઇ ગયા બાદ બે વર્ષમાં વહીવટી મંજૂરી ન મળી હોય તેવા કામો અને**

(ક) **જે કામો અંગે છેલ્લા બે નાણાંકીય વર્ષમાં કોઇ જ ખર્ચ થયો ન હોય તેમજ તેવા કામો અંગે આગામી વર્ષ ૨૦૧૮-૧૯ માં પણ કોઇ જોગવાઇ સૂચવવામાં આવતી ન હોય તેવા કામો અંગે આગામી વર્ષ ૨૦૧૮-૧૯ માં પડતા મૂકવા માટે વિભાગે અલગથી સ્પષ્ટ દરખાસ્ત કરવાની રહેશે. શૂન્ય જોગવાઇ સાથેની કોઇપણ બાબત વિભાગે સૂચવવાની રહેશે નહીં તેમજ અંદાજપત્રમાં તેનો સમાવેશ પણ કરી શકાશે નહીં. આ અંગેની સમગ્ર જવાબદારી વહીવટી વિભાગની રહેશે.**

(૮) **નવા કામોની દરખાસ્ત વખતે ખાનગી જમીન સંપાદન કરવાની થતી હોય તો પ્રથમ જમીન સંપાદન કાર્યવાહી કરવા અને તે પૂરતી જ વિભાગે બધા કામોની જમીન સંપાદન કરવા અંગેની ઉચ્ચક રકમની જોગવાઇ અલગ રીતે નાણાકીય સલાહકારશ્રીના પરામર્શમાં કરાવવાની રહેશે. તે મુજબ જ યોજના/કામના સર્વે અને ઇન્વેસ્ટીગેશન માટે પણ કાર્યવાહી અનુસરવાની રહેશે.**

(૯) કેટલાક વિભાગો દ્વારા**"Major Works"** ની જોગવાઇ મહેસૂલી સદરે કરાવવામાં આવે છે તેમજ **Maintenance and Repairs** નીજોગવાઇ મૂડી સદરે **"Minor Works"** હેઠળ કરાવવામાં આવે છે. તે ખર્ચના વર્ગીકરણ મુજબ બરાબર નથી. આથી સર્વે વહીવટી વિભાગોને જણાવવામાં આવે છે કે હેતુસદર **"Major Works"** ની જોગવાઇ **મૂડી સદરે** જ કરાવવી અને **Maintenance and Repairs** અંગેની જોગવાઇ **મહેસૂલી સદરે** **"Minor Works"** હેઠળ કરાવવાની તકેદારી રાખવી. વિશેષમાં જણાવવાનું કે અંદાજપત્રીય જોગવાઇ દ્વરા થતા ખર્ચથી રાજ્યની મિલકત ઉભી થતી હોય અને રાજ્યની મુડીમાં વધારો થતો હોય તેવા તમામ ખર્ચ અંગેની જોગવાઇ **"મુડી સદરે"** કરવામાં આવે તેની ખાસ તકેદારી રાખવાની રહેશે.

**૭. કેન્દ્ર પુરસ્કૃત, કેન્દ્રીય આયોજન યોજનાઓ અને નાણાકીય સંસ્થાઓ દ્વારા પુરસ્કૃત યોજના**

(૧) **કેન્દ્ર સરકાર તરફથી મળતી આવક તેમજ ખર્ચના અંદાજો નાણા વિભાગના પરિપત્ર ક્રમાંકઃઅપબ-૧૦૨૦૧૩-૨૪૬૦-ક તા.૧૭-૧૨-૨૦૧૩ના પત્રકમાં જણાવેલ યોજનાઓ મુજબ મોકલવાના રહેશે.**

(૨) કેન્દ્ર પુરસ્કૃત (૧૦૦%), કેન્દ્રીય અંશત: (PCSS) અને / અથવા બીજી નાણાંકીય સંસ્થાઓ દ્વારા પુરસ્કૃત યોજનાઓને લગતી નવી બાબતો પત્રકના મથાળે સ્પષ્ટપણે અચૂક દર્શાવવી. ગ્રાન્ટ અથવા લોનના રુપમાં નાણાકીય સહાય અંગેનો ઢાંચો તેમજ કેન્દ્ર સરકારનો હિસ્સો (દા.ત. ૬૦:૪૦ વગેરે) અંદાજના લખાણમાં ખાસ દર્શાવવો.

**કેન્દ્ર (૧૦૦%), અંશત: કેન્દ્રીય પુરસ્કૃત (PCSS) અને /અથવા બીજી નાણાંકીય સંસ્થાઓ દ્વારા પુરસ્કૃત યોજનાઓના નામો કેન્દ્ર સરકારના સંબંધિત મંત્રાલયે જણાવ્યા મુજબના જ રાખવા.**

કેન્દ્ર સરકાર અથવા બીજી સ્વાયત સંસ્થાઓ પાસેથી મળનાર અપેક્ષિત લોન અને ગ્રાન્ટની રકમ વિભાગે અચૂક અલગ બતાવવી. આવી યોજનાઓ કેન્દ્ર સરકાર/નાણાંકીય સંસ્થાઓની જરુરી મંજૂરી મેળવ્યા બાદ હાથ ધરવી અને દરેક યોજના અંગેની જોગવાઇ કેન્દ્ર સરકાર/નાણાકીય સંસ્થાઓ તરફથી ફાળવણી કરવામાં આવે એ પૂરતી મર્યાદિત રાખવી, કારણ કે, વધારે જોગવાઇ થવાથી રાજ્યની આવકના સાધનો પર બોજો પડશે.

(૩) **ઘણીવાર અગાઉ કેન્દ્ર પુરસ્કૃત યોજના હોય અને હવે કેન્દ્રીય સહાય બંધ થવાથી તે અંગે થનાર ખર્ચની જવાબદારી રાજ્ય સરકારની હોય તેવી યોજનાઓની કેન્દ્ર પુરસ્કૃત યોજના તરીકે દર્શાવવી નહીં.** દરેક કેન્દ્ર પુરસ્કૃત યોજના માટે કેન્દ્ર સરકારે મંજૂરી આપી હોય કે મંજૂરી તાજી કરી હોય તે પત્રની નકલ બજેટ મોડ્યુલમાં એટેચમેન્ટમાં અપ-લોડ કરીને અંદાજો મોકલવાના રહેશે, તેમજ જે કેન્દ્ર પુરસ્કૃત યોજના અંગે ગત /ચાલુ વર્ષે થયેલ જોગવાઇ મુજબ કેન્દ્રીય સહાય પ્રાપ્ત થયેલ ન હોય તેવી યોજનાઓ અંગે **૨૦૧૮-૧૯** ના વર્ષ માટે કેન્દ્ર પુરસ્કૃત યોજના તરીકે કોઇ બજેટ જોગવાઇ સૂચવવાની રહેશે નહીં.

(૪) **સંબંધિત વિભાગોએ જે કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ ચાલુ હોય તેના જ અંદાજો રજૂ કરવા. આવા અંદાજોની દરખાસ્તમાં વર્ષ ૨૦૧૬-૧૭ અને વર્ષ ૨૦૧૭-૧૮ના વર્ષમાં આ યોજના સામે કેટલી કેન્દ્રીય સહાય મળી છે તેના આંકડા દર્શાવવા. તેમજ જો કેન્દ્ર પુરસ્કૃત યોજના અંગે ભારત સરકાર તરફથી રકમ મળવાની અનિશ્ચિતતા હોય તેવી યોજના અંગે પ્રતિક જોગવાઈ કરવાની રહેશે. જેથી ભારત સરકાર તરફથી રકમ મળ્યેથી સંબંધિત સદરે તે રકમ ફાળવી શકાય.**

(૫) **જે કેન્દ્ર પુરસ્કૃત યોજના બંધ થઇ ગઇ હોય તેની જોગવાઇ સૂચવવી નહી, પરંતુ જો આવી યોજના ચાલુ રાખવાની હોય અને કેન્દ્ર સરકાર તરફથી સહાય બંધ થઇ ગઇ હોય તેવી યોજના અંગે વિભાગે નાણાં વિભાગના ખર્ચ પ્રભાગની અનુમતી મેળવીને રાજ્ય બોજાવાળી યોજના તરીકે જોગવાઇ સૂચવવાની રહેશે.**

(૬) કેન્દ્ર પુરસ્કૃત ચાલુ યોજનાઓ વિભાગ-૨ 'ચાલુ બાબત' હોવાથી નાણાં વિભાગના ખર્ચ પ્રભાગનો પરામર્શ કરીને જ નિયત પ્રફોર્મામાં જરૂરી વિગતો સામેલ રાખીને દરખાસ્ત મોકલવાની રહેશે.

(૭) રાજયના વિવિધ વિભાગો દ્વારા કેન્દ્ર સહાયિત યોજનાઓ હાથ ધરવામાં આવે છે. રાજય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર વતી ખર્ચ કરીને કેન્દ્ર સરકારના સંબંધિત મંત્રાલયને ફંડ ઉપયોગીતા પ્રમાણપત્ર મોકલવાનું રહે છે. આવી યોજનાઓ અંગે વિભાગ કક્ષાએ તેમજ ખાતાના વડા કક્ષાએ એ.જી.કચેરીના પરામર્શમાં ઓડિટ સર્ટીફીકેટ/ યુટીલાઈઝેશન સર્ટીફીકેટ મેળવીને કેન્દ્ર સરકારમાં તેના સબંધિત મંત્રાલયમાં મોકલવામાં આવતું ન હોવાથી કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને આપવાની નીકળતી રકમ આવા ઓડિટ/યુટીલાઈઝેશન સર્ટીફીકેટ ના અભાવે રાજયના એકત્રિત નિધિમાં કેન્દ્ર સરકાર દ્વારા જમા કરવામાં આવતી નથી. જેથી વર્ષો વર્ષની રકમ બાકી ખેંચાતી રહે છે. આવી બાકી રકમ કેન્દ્ર સરકાર પાસેથી મેળવવા અંગત રસ લઈને જરુરી કાર્યવાહી જે તે સંબંધિત વિભાગોએ તાત્કાલિક કરવાની રહેશે. જેથી રાજયની સાધનોપાય પરિસ્થિતિને થતી વિપરીત અસર નિવારી શકાય તેમજ રાજય બોજાવાળી યોજનાઓના અમલીકરણમાં પણ સરળતા રહે.

(૮) **"કેન્દ્ર સરકાર દ્વારા કેન્દ્ર પુરસ્કૃત યોજનામાં લોનના હિસ્સાની રકમ મળનાર ન હોવાથી આગામી વર્ષમાં કેન્દ્ર પુરસ્કૃત યોજનાની જોગવાઈ સુચવવામાં આવે તે સમયે તેટલી જોગવાઈ ઓછી સૂચવવાની રહેશે."**

(૯) **૧૪મા નાણાં પંચ હેઠળ મળનાર સહાયની રકમ જેટલી જ રકમની જોગવાઇ માટેના અંદાજોની દરખાસ્ત રજુ કરવી.**

(૧૦) **કેન્દ્ર સરકાર તરફથી મળતી સહાય અંગેની (૧૪મા નાણાં પંચ સહિતની) તમામ દરખાસ્તો I.W.D.M.S. માં UP-LOAD કરવામાં આવે ત્યારે C.S.S.સામેના બોક્ષમાં અવશ્ય (✓) ખરાની નિશાની કરવી.**

(૧૧) **કેન્દ્ર સરકાર તરફથી મળતી સહાય અંગે યોજનાઓ જો ચાલુ હોય તો તે અંગે અચુક જોગવાઇ કરાવવી અને તે અંગે આકસ્મિક નિધિમાંથી કોઇ ગ્રાંટ ફાળવવામાં આવશે નહિ.**

## ૮. શેરમૂડી / લોન અંગેના અંદાજો

**૨૦૧૮-૧૯** ના વર્ષમાં રાજય સરકારે ફાળવવાનો થતો શેરમૂડી ફાળો/લોન કે અન્ય જવાબદારીઓની જરુરિયાત અંગેની જોગવાઈ રાજયના અંદાજપત્રમાં કરી શકાય, એ માટે વૈધાનિક સંસ્થાઓ, કોર્પોરેશનો, બોર્ડ, કંપનીઓ વગેરે તેમના અંદાજો સમયસર સબંધિત વહીવટી વિભાગોને મોકલી આપે તે સબંધિત વિભાગોએ સુનિશ્ચિત કરવું. નવી બાબત માટે નિયત કરવામાં આવેલ નાણાંકીય મર્યાદાના સંદર્ભમાં જરુરી હોય તે પ્રમાણે આવી સંસ્થાઓની શેરમૂડી અને/અથવા લોન અંગેની દરખાસ્ત વિભાગ-૧ અથવા વિભાગ-૨ ની નવી બાબત તરીકે યોગ્ય રીતે વર્ગીકૃત કરી તેની દરખાસ્ત વહીવટી વિભાગોએ મોકલવાની રહેશે.

## ૯. અંદાજ સમિતિની ભલામણ

અંદાજ સમિતિની ભલામણ અનુસાર નવી બાબત/નવા કામો માટે બજેટ જોગવાઇ મંજુર થઇ હોય અને એ બાબત અંગે બે વર્ષ સુધી કોઇ ખર્ચ કરવામાં આવ્યું ન હોય તો વિધાનસભાએ આપેલી મંજૂરી રદ ગણાતી હોવાથી, આવી બાબતોને નવેસરથી નવી સેવાઓ/સેવાના નવા સાધનો ગણી વિધાનસભા સમક્ષ નવી બાબત તરીકે રજૂ કરવી આવશ્યક છે. આથી આ પ્રકારની બાબતો માટે વિભાગે નવી બાબત તરીકે નવેસરથી જોગવાઇ કરવાની રહેશે.

**૧૦. વહીવટી ટેકનીકલ મંજુરી**

**૨૦૧૮-૧૯** ના વર્ષના અંદાજપત્રને આખરી રીતે સ્વીકારવામાં આવ્યેથી, જે તે યોજનાઓ અને કામો, તે વર્ષમાં ગ્રાન્ટ પ્રાપ્પ બને કે તરત જ નાણાં વિભાગના ખર્ચ પ્રભાગની વહીવટી મંજુરી જરુર જણાયે મેળવી લઇ જેમ બને તેમ વહેલા શરુ કરવામાં આવે તે જરુરી છે. આથી, આવા કામો તરત હાથ ધરી શકાય.

**નાણાં વિભાગને કામો માટેના અંદાજો મોકલતાં પહેલાં પારા-૩ અને ૪ મુજબ બાંધકામના નવા કામોની બાબતમાં અંદાજપત્રમાં તેનો સમાવેશ કરવાની દરખાસ્તો કરવામાં આવે તે પહેલાં કામના નકશા અને અંદાજો તૈયાર કરીને તેની વહીવટી અને ટેકનીકલ મંજુરી પણ મેળવી લેવાની રહેશે.**

**૧૧. અંદાજપત્રની દરખાસ્તો તૈયાર કરતી વખતે નીચે દર્શાવેલ બાબતોનો અવશ્ય ખ્યાલ રાખવો-**

(ક) જે દરખાસ્તો કરવામાં આવે તેમાં આવર્તક જોગવાઇ એટલી મોટી ન હોવી જોઇએ કે સમય જતાં રાજયની નિર્ધારીત જવાબદારી બની જાય અને એમ થતાં ભવિષ્યમાં નવી યોજનાઓ માટે અવકાશ ઘટી જાય.

(ખ) અંદાજપત્રીય જોગવાઈ રૂ. લાખમાં (બે ડેસીમલ સુધી દર્શાવવી)

(ગ) ડો.પી.કે.દાસ સમિતીની જે ભલામણો વિભાગોએ સ્વીકારેલ છે તે પ્રમાણે જે તે યોજના બંધ કરવી અથવા એકબીજામાં ભેળવી દેવાની રહેશે. જે યોજના બંધ કરવામાં આવી હોય અથવા એક બીજામાં ભેળવી દેવામાં આવી હોય અથવા છેલ્લા બે નાંણાકીય વર્ષમાં કોઇ ખર્ચ ન થયો હોય અને જે યોજના અંગે આગામી વર્ષ **૨૦૧૮-૧૯** માં કોઇ જોગવાઇ સૂચવવાની થતી ન હોય તો આવી યોજનાઓ આગામી વર્ષ **૨૦૧૮-૧૯** ના અંદાજપત્ર પ્રકાશનમાંથી પડતી મૂકવા માટે વિભાગે અલગથી સ્પષ્ટ દરખાસ્ત કરવાની રહેશે, જેથી તે અંદાજપત્ર પ્રકાશનમાં દર્શાવવામાં આવશે નહી.

(ઘ) આ પરિપત્ર સાથે સામેલ જોડાણ-ખ અને ખ-૧ મુજબ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની કચેરીએ તૈયાર કરેલ વર્ગવાર હેતુ સદરોની યાદી અનુસાર જ સને **૨૦૧૮-૧૯ વર્ષની** બધી જ બજેટ દરખાસ્તો મોકલવામાં આવે તે પણ ખાસ જોવું.

(ચ) અંદાજપત્ર અંગેની વિવિધ દરખાસ્તો તે અંગેના નિયત કરેલા પત્રકોમાં અને રકમ રુપિયા લાખમાં (બે ડેસીમલ) દર્શાવીને મોકલવાની રહેશે. અંદાજપત્રીય દરખાસ્તો અંગેના પત્રકો સાથે જરૂરી બિડાણો અવશ્ય સામેલ કરવાના રહેશે.

(છ) હેતુ સદર "૨૭૦૦"નાના કામોમાં નિભાવ અંગેના ખર્ચનો સમાવેશ થાય છે તેથી તેને મૂડી સદર હેઠળ દર્શાવવું નહીં.

(જ) હેતુ સદર ૫૩૦૦"મોટા કામ" મહેસૂલી સદર હેઠળ દર્શાવવું નહીં.

(ઝ) હેતુ સદર ૩૧૦૦, ૩૨૦૦, ૩૩૦૦, અને ૩૫૦૦ હેઠળના હેતુ સદરો મૂડી સદર હેઠળ દર્શાવવા નહીં.

(ટ) કેન્દ્ર પુરસ્કૃત યોજના/અંશત : કેન્દ્ર પુરસ્કૃત યોજના (૧૦૦% /૬૦:૪૦%) પેટા સદરના નોમેન્કેલેચર ઉપર સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવે તે જોવું.

(ઠ) હેતુ સદર ૫૪૦૦ "રોકાણ" મહેસુલી સદર હેઠળ દર્શાવવું નહીં

(ડ) હેતુ સદર ૫૪૦૦ "રોકાણ" ગૌણ સદર ૧૯૦ હેઠળ જ દર્શાવવું અન્ય ગૌણ સદર હેઠળ દર્શવવું નહીં.

(ઢ) મહેસુલી સદરે થી જે જોગવાઇ જાહેર હિસાબ નિધિ ખાતે તબદીલ થતી હોય તેની આવકના અંદાજપત્રની જોગવાઇ અને મહેસુલી સદર હેઠળની જોગવાઇમાં વિસંગતતા ન હોવી જોઇએ.

(ણ) લીસ્ટ ઓફ મેજર એન્ડ માઇનોર હેડસની બુકની કરેકશન સ્લીપ નં.૪૧૭ મુજબ ગૌણ સદરના કોડ નંબર માં ફેરફાર થયેલ છે તે મુજબનું લીસ્ટ આ સાથે જોડાણ ખ-૧ તરીકે દર્શાવેલ છે

(ત) કેન્દ્ર સરકાર તરફથી મળતી રકમ અંગે ખર્ચના અંદાજોની દરખાસ્ત IWDMS હેઠળ મોકલવામા આવે ત્યારે CSS સામેના બોક્ષમાં (✓) ખરાની યોગ્ય નિશાની અવશ્ય કરવી.

(થ) **રાજ્યની સરકારી કચેરીમાં નિયમિત મહેકમને બદલે અન્ય સ્ત્રોતથી કામગીરી કરાવવા અંગેના ખર્ચના હેતુ સદર માટેના નાણાં વિભાગના પત્ર ક્રમાંક;-અપબ-૧૦૨૩૦૧૪-ONH-૮૮૮/ ક, તા. ૧૬/૦૭/૨૦૧૪ મા જણાવ્યા પ્રમાણે OBJECT HEAD-3001-OUT SOURCING MEN POWER એટલે કે EXPENDITURE ON OUT SOURCING CONTRACTUAL SERVICES (MEN**

**POWER) હેઠળ અંદાજો રજુ કરવાના રહેશે.** આવા અંદાજની જોગવાઇ અન્ય હેતુ સદર જેવા કે કચેરી ખર્ચ વેતન વગેરે હેઠળ કરવી નહીં.

(૬) વર્ષ ૨૦૧૮-૧૯ માટે સંબંધિત પેટા સદર હેઠળના હેતુ સદરો હેઠળ જરૂરીયાત મુજબની જોગવાઈ દર્શાવીને અંદાજો તૈયાર કરવા અને દરખાસ્ત આખરી કરી નાણા વિભાગને રજૂ કરવા જેથી જે હેતુ માટે ખર્ચ અપેક્ષિત છે, તેને ધ્યાને લઈને હેતુ સદર(Object Head) પ્રમાણે અંદાજો મોકલવાના રહેશે, જેથી પુન: વહેચણી માટેની દરખાસ્તો અને વિભાગ દ્વારા ગ્રાંટની વહેચણીમાં વિલંબ નિવારી શકાય.

## ૧૨. વિભાગો દ્વારા અંદાજપત્રીય દરખાસ્તોની ચકાસણી

(૧) નિયંત્રણ અધિકારી પાસેથી સચિવાલયના વહીવટી વિભાગોને મળેલી બજેટ દરખાસ્તો પૈકી ચાલુ બાબતો અને નવી બાબતો અંગેની દરખાસ્તો વિભાગ કક્ષાએ પુરતી ચકસણી કરવી, સુચવેલ જોગવાઈની યથાર્થતાને ધ્યાને લઇ તદ્‌અનુસાર સુધારો સુચવી સંબંધિત નાણાંકીય સલાહકાર પાસે મંજૂર કરાવી નાણા વિભાગને મોકલી આપવી તેમજ સ્થાયી ખર્ચની દરખાસ્તો સાથે ચાલુ યોજનાની દરખાસ્તો ભેળવીને સંયુકત દરખાસ્તો કરવામાં આવે નહીં તેની ખાસ તકેદારી રાખવી. આગામી વર્ષમાં જે યોજનાઓ ચાલુ રાખવાની હોય તેને માટે આગામી વર્ષના અંદાજપત્રમાં પૂરતી બજેટ જોગવાઇ સૂચવવામાં આવે તે પણ વિભાગોએ જોવાનું રહેશે.

(૨) અંદાજપત્રમાં નવી અથવા ચાલુ પ્રકારની બધી દરખાસ્તો નાણાં વિભાગને મોકલતાં પહેલાં વહીવટી વિભાગોએ અને સંબંધિત નાણાંકીય સલાહકારે સંપૂર્ણપણે ચકાસવી. નાણાકીય સલાહકાર/નાણાં વિભાગ તરફથી પૂર્વ અંદાજ ચકાસણી ન થઇ હોય તેવી કોઇ નવી બાબતનો સમાવેશ અંદાજપત્રમાં સુચવવો નહીં, છેવટની ઘડીનો ઘસારો ટાળવા માટે સંપૂર્ણ વિગતો સાથે બધી દરખાસ્તો સંબંધિત નાણાંકીય સલાહકાર/ સચિવશ્રી (ખર્ચ) સમક્ષ સમયસર રજૂ થાય અને તેમની સંમતિ મેળવીને જ નાણાં વિભાગને નિયત પત્રકોમાં નિયત સમય મર્યાદામાં મળી જાય તેની જવાબદારી વહીવટી વિભાગની જ રહેશે. સને **૨૦૧૮-૧૯** ના વર્ષ માટેની મહેસુલ અને મૂડી સદરો હેઠળની વિભાગ-૧ ની નવી બાબતો અને પ્રથમવાર આવતી વિભાગ-૨ ની નવી બાબતો મોકલતી વખતે તમામ વહીવટ વિભાગોએ સ્પષ્ટપણે દર્શાવવું કે, **આ નવી બાબતો અંગે વિભાગનો હવાલો ધરાવતા સંબંધિત મંત્રીશ્રીની તેમજ નાણાં વિભાગના ખર્ચ પ્રભાગની જરુરી મંજુરી મેળવવામાં આવેલ છે.**

(૩) યોજનાઓના લખાણો બજેટ પ્રકાશનમાં અંગ્રેજી અને ગુજરાતીમાં હોય છે. સામાન્ય રીતે અંગ્રેજીમાં લખાણોમાં ભૂલો નજરે આવે છે. તેથી જો ભૂલો ખ્યાલમાં આવે તો વિભાગે પ્રથમ વર્ડ ડોક્યુમેન્ટમાં લખાણ કરીને પછી IWDMS-Budget Software હેઠળ નવી બાબતના રાઇટ-અપ અંગેના રીમાર્ક્સ Paste કરવા. જેથી ભૂલો સુધારી શકાય.

(૪) નવી બાબતની દરખાસ્તના લખાણ ખુબ જ ટુંકા સ્પષ્ટ અને મુદ્દાસર હોવા જોઈએ આ લખાણ સચિવશ્રી કક્ષાએ મંજુર કરાવીને જ નાણાં વિભાગને દરખાસ્ત મોકલવી.

## ૧૩. વિશ્વ બેન્ક/ એડીબી/ બાહ્ય સહાયિત પરિયોજનાઓ અંગે જોગવાઇ

અંદાજપત્ર પ્રકાશનમાં કેન્દ્ર પુરસ્કૃત યોજનાને **''કે.પુ. યો.''** એ શીર્ષક દ્વારા દર્શાવવામાં આવે છે, એ જ પ્રમાણે **વિશ્વ બેંક** પરિયોજનાઓ સ્પષ્ટ રીતે નકકી કરી શકાય એ સારુ **વિશ્વબેંક** સહાયિત પરિયોજનાઓને વિશ્વ બેંક સહાય પરિયોજના એ શિર્ષક હેઠળ દર્શાવવી. જન ભાગીદારી (PPP) વાળી યોજનાઓને તે મુજબનું શીર્ષક દર્શાવી રજૂ કરવી. આવી યોજનાની જોગવાઇ **નાણાં વિભાગના પી.એમ.યુ. (P.M.U.) ના પરામર્શમાં સુચવવી.** આ સિવાય પણ કોઇ યોજના માટે બાહ્યસહાય મળતી હોય તો તે અંગેના યોગ્ય શીર્ષક હેઠળ દર્શાવવી. દા.ત. નાબાર્ડ સહાયિત યોજના, એશિયન ડેવલોપમેન્ટ બેંક સહાયિત પરિયોજના, **J.B.I.C** સહાયિત પરિયોજના, વિગેરે.

## ૧૪. ગ્રાન્ટ ઇન એઇડની દરખાસ્તો

અંદાજપત્ર પ્રકાશનમાં પંચાયત, સ્થાનિક સંસ્થાઓ, કોલેજો, હોસ્પિટલો વગેરેના સહાયક ગ્રાન્ટ અંગેના કિસ્સાઓમાં મંજૂર કરેલ પગાર-ભથ્થાં, કામો, મરામત અને જાળવણી, સાધનસામગ્રીની વિગતો હેતુ સદરો પ્રમાણે અંદાજોમાં આપવામાં આવતી નથી, પરતું હેતુ સદર ૩૧૦૦, ૩૨૦૦ અને ૩૩૦૦ હેઠળ ઉચ્ચક રકમ તરીકે દર્શાવવામાં આવે છે. **ગ્રાન્ટ ઇન એઇડની તમામ દરખાસ્તો હેતુસદર પ્રમાણે તે સાથેના inner sheet computerise (Form-B)તેમજ તેની સાથેના જોડાણમાં મહેકમની માહિતી સાથે અને (Form-E) માં દરખાસ્ત કરવાની રહેશે, જેથી ગ્રાન્ટ ઇન એઇડના આગામી વર્ષના અંદાજોની વાસ્તવિક ચકાસણી થઇ શકે.**

**૧૫. અંદાજપત્રની એક જ માંગણી હેઠળ એક કરતાં વધારે વિભાગો સંકળાયેલ હોઇ તેવી અંદાજપત્રીય દરખાસ્તો**

(૧) હિસાબના મુખ્ય સદર ૨૫૭૫- અન્ય ખાસ વિસ્તાર કાર્યક્રમો, **૦૧- ડાંગ જિલ્લા હેઠળ ૨૦૧૮-૧૯**ના અંદાજો વહીવટી વિભાગોએ મહેસૂલ વિભાગ મારફત મોકલવા, મહેસૂલ વિભાગ અંદાજો સંકલિત કરી નાણાં વિભાગને મોકલાવશે.

(૨) વહીવટી વિભાગોએ આદિજાતિ પેટા યોજના તેમજ અનુસૂચિત જાતિ પેટા યોજનાઓમાં સમાવિષ્ટ યોજનાઓના **૨૦૧૮-૧૯** ના વર્ષના અંદાજો આદિજાતિ વિકાસ વિભાગ તેમજ સામાજિક ન્યાય અને અધિકારીત્તા વિભાગે જણાવેલી ટોચ મર્યાદામાં નીચે નિર્દેશ કર્યા પ્રમાણે મોકલવાના રહેશે. આવા અંદાજો નાણાં વિભાગને સમયસર મળે તે અત્યંત જરુરી હોવાથી તેને લગતી ફાળવણી આદિજાતિ વિકાસ વિભાગ તેમજ સામાજિક ન્યાય અને અધિકારિત્તા વિભાગ પાસેથી અગાઉથી મેળવી લેવા વિભાગોએ પ્રયત્નો કરવાના રહેશે. આદિજાતિ વિકાસ વિભાગ તેમજ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગે આવી ફાળવણી બને તેટલી વહેલી આખરી થઇ જાય તે જોવાનું રહેશે.

**(ક) અનુસૂચિત જાતિ પેટા યોજના અને આદિજાતિ પેટા યોજના હેઠળની દરખાસ્તો સંબંધિત વહીવટી વિભાગોએ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તેમજ આદિજાતિ વિકાસ વિભાગની જાણ હેઠળ નાણાં વિભાગને મોકલવાની રહેશે.**

(ખ) માર્ગ અને મકાન વિભાગે કરવાના કામો સિવાયના નવી બાબતો અને નવા કામો ની દરખાસ્ત આદિજાતિ વિકાસ વિભાગ તેમજ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ મારફત નાણાં વિભાગને મોકલવી.

(ગ) માર્ગ અને મકાન વિભાગે કરવાના કામોની નવી બાબતો અને નવા કામોને લગતા અંદાજોની દરખાસ્ત માર્ગ અને મકાન વિભાગે સીધા નાણાં વિભાગને મોકલવા અને તેની નકલ આદિજાતિ વિકાસ વિભાગ તેમજ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને મોકલવી.

**(ઘ) અનુસૂચિત જાતિ પેટા યોજના અને આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળની સુધારેલ અંદાજની દરખાસ્તો સંબંધિત વહીવટી વિભાગોએ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તેમજ આદિજાતિ વિકાસ વિભાગની જાણ હેઠળ નાણાં વિભાગને બારોબાર મોકલવાનીરહેશે.**

(ચ) અનુસૂચિત જાતિ પેટા યોજના અને આદિજાતિ વિસ્તાર પેટા યોજના સંબંધિત ચાલુ તેમજ નવી બાબતો/કામો માટે જુદા જુદા વિભાગોએ સૂચવેલ જોગવાઇ સેકટર/ સબ સેકટરવાર ફાળવણીની મર્યાદામાં છે તેની ખાત્રી કરવાની સંપૂર્ણ જવાબદારી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તેમજ આદિજાતિ વિકાસ વિભાગની રહેશે.

**૧૬. અંદાજપત્રમાં પ્રતિક જોગવાઇ**

(૧) અંદાજપત્રની દરખાસ્તો તૈયાર કરતી વખતે અંદાજપત્રમાનાં કેટલાક કામો/યોજનાઓ માટે વહીવટી વિભાગ કેવળ પ્રતિક જોગવાઇની દરખાસ્ત કરે છે. પરિણામે ચાલુ કામોની આગળ ખેંચાતી જવાબદારીઓ ઘણી વધી જાય છે. પૂરતા નાણાંને અભાવે ઘણાં કામો લાંબા સમય સુધી અધુરા રહેતા હોય છે. તેથી પ્રતિક જોગવાઇ માત્ર અપવાદરુપ અને ખાસ સંજોગોમાં જ **નાંણા વિભાગ (ખર્ચ પ્રભાગ)** ની પૂર્વ મંજૂરી મેળવીને જ મોકલવાની રહેશે.

(૨) ઉપરના સંજોગોમાં, કામો/પરિયોજનાઓ માટે અંદાજપત્રમાં પ્રતિક જોગવાઇ માન્ય કરાઇ હોય અને તે સોંપાયેલી સતાઓની મર્યાદામાં આવતા હોય તો પણ આવા કામો/પરિયોજનાઓ સંબંધિત વિભાગના નાણાંકીય સલાહકારે વિધિસર મંજૂર કર્યા હોય તે સિવાય વિભાગ દ્વારા તેવાં કામો/પરિયોજનાઓ શરુ કરી શકાશે નહીં.

**૧૭. ખર્ચનું હેતુ સદરોમાં વર્ગીકરણ**

(૧) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની કચેરીએ તૈયાર કરેલ હેતુ સદરોની નવી યાદી મુજબ હિસાબના હેતુ સદરો ૭૦ વિગતોમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે (જોડાણ-ખ). જેથી સરકારના ખર્ચનું વર્ગીકરણ હિસાબના યોગ્ય હેતુ સદર હેઠળ નોંધવામાં આવે તે જરુરી છે. આમ, છતાં અનુભવે એવું જણાયું છે કે, કેટલાંક વિભાગો ખાતાઓ તરફથી ખર્ચના અંદાજોનું યોગ્ય રીતે સંબંધિત હેતુ સદરે વર્ગીકરણ કરવામાં આવતું નથી. ખાસ કરીને ગ્રાન્ટ ઇન એઇડ, ફાળો, સબસીડી, નાના કામો, મોટાકામો, રોકાણ, આંતર હિસાબ તબદીલી, મોટર વાહનો, કચેરી ખર્ચ, અન્ય ખર્ચ વગેરે બાબતે સાચું વર્ગીકરણ થતું નથી. આથી, આવી બાબતે ઉંડાણપૂર્વક ચકાસણી કરીને જે તે લાગુ પડતાં હેતુ સદર નીચે જ જોગવાઇ દર્શાવવી.

(૨) અંદાજપત્રની જોગવાઈમાં તહેવારપેશગી અને અનાજ પેશગી અંગેનો હેતુ સદરનો કોડ ૫૭૦૦ અને ૫૮૦૦ રાખેલ છે. **નાણાં વિભાગના તા.૨/૯/૨૦૦૮ ના પરિપત્ર મુજબ વસુલાત અંગેના કોડ ૭૦૫૭ અને ૭૦૫૮ દર્શાવવાના રહેશે**

(૩) **ભારત સરકાર, વિત મંત્રાલય, ખર્ચ પ્રભાગના તા. ૧૨/૨/૨૦૧૦ ના ઓફિસ મેમોરેન્ડમ તેમજ એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ.એન્ડ ઇ.) ગુજરાત રાજકોટના તા.૨૯/૪/૨૦૧૦ અને ૧૬/૬/૨૦૧૦ ના અર્ધ સરકારી પત્રો અનુસાર હેતુસદર ૩૧૦૦ સહાયક અનુદાન નું નામ બદલીને ૩૧૦૦-સહાયક અનુદાન જનરલ કરવામાં આવેલ છે તેમજ નવું હેતુસદર ૩૫૦૦-Grants for creation of Capital Assets ખોલવામાં આવેલ છે. તે મુજબ હેતુસદરની યાદીમાં જરૂરી સુધારો કરવામાં આવેલ છે. તેથી વિભાગો દ્વારા જે ગ્રાન્ટની જોગવાઇ મૂડી-મિલ્કતો ઉભી કરવા માટે કરવામાં આવે તે અંગેની દરખાસ્તો હેતુ સદર ૩૫૦૦ માં જ તેના હેઠળના યોગ્ય હેતુ સદર હેઠળ કરવામાં આવે તેની ખાસ તકેદારી રાખવા જણાવવામાં આવે છે.**

## ૧૮. મહેસુલી અને મૂડી સદરમાં વર્ગીકરણ.

અંદાજપત્રમાં મહેસુલી બાબત અંગેની જોગવાઇ મહેસુલી સદરે તેમજ જેમાં મુડી મિલકત ઉભી થતી હોય તેવી બાબતોની જોગવાઇ મુડી સદરે કરાવવામાં આવે છે. પરંતુ કેટલીક યોજનાઓમાં મુડી મિલકત ઉભી થતી હોય તેવી બાબતોની પણ જોગવાઇ મહેસુલી સદરે થયેલ હોય તેવુ નાણાં વિભાગના ધ્યાન પર આવતા સન **૨૦૧૭-૧૮ના** અંદાજપત્રમાં વિભાગવાર બેઠકમાં ચર્ચા કરીને આવી મુડી મિલકત ઉભી થતી હોય તેવી બાબતોની જોગવાઇ મુડી સદરે કરાવવામાં આવેલ છે. હજુ પણ વિભાગના ધ્યાન પર આવે કે કોઇ યોજના એવી છે કે જેમાં મુડી મિલકત ઉભી થાય છે પરંતુ તેની જોગવાઇ સન **૨૦૧૭-૧૮ના** અંદાજપત્રમાં મહેસુલી સદરે થયેલ છે. તો આવી જોગવાઇ સને **૨૦૧૭-૧૮** સુધારેલ અંદાજ અને **૨૦૧૮-૧૯** ના અંદાજપત્રમાં મુડી સદરે તબદીલ કરાવવા જણાવવામાં આવે છે.

